# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારમાં કહ્યું, **ભારતની દિકરીઓના સિંદૂરની શક્તિ પાકિસ્તાન અને સમગ્ર વિશ્વએ જોઈ**.

2) પ્રધાનમંત્રી આજે બપોરે ઉત્તરપ્રદેશના કાનપુરમાં 47 હજાર 600 કરોડ રૂપિયાની વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે જમ્મુ-કાશ્મીરના પૂંચમાં પાકિસ્તાની ગોળીબારીથી અસરગ્રસ્ત પીડિતોને મળ્યાં.

4) પંજાબમાં ફટાકડાના કારખાનામાં વિસ્ફોટ થતાં પાંચ લોકોના મોત અને 34 લોકો ઈજાગ્રસ્ત.

5) IPL માં આજે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો.

...........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM BIHAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું, આતંકવાદ સામે ભારતની લડાઈ અડગ છે અને તે ક્યારેય અટકશે નહીં. તેમણે કહ્યું કે અમે આતંકવાદના જોખમનો નાશ કરવા કટિબદ્ધ છીએ. શ્રી મોદીએ કહ્યું કે પાકિસ્તાન અને વિશ્વ એ ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતની દીકરીઓની સિંદૂરની શક્તિ અને સરહદ સુરક્ષા દળની અભૂતપૂર્વ હિંમત અને બહાદુરી જોઈ છે.

**(BYTE- PM MODI FIGHT BACK SINDOOR)**

**બિહારમાં રોહતાસ જિલ્લાના કારાકાટ ખાતેથી 48 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યા બાદ જનસભાને સંબોધતા શ્રી મોદીએ આ મુજબ જણાવ્યું. તેમણે કહ્યું, માઓવાદી હિંસા સંપૂર્ણ રીતે નેસ્તનાબૂદ થઈ જશે તે દિવસ હવે દૂર નથી.**

**(BYTE- PM MAOIST DEVELOPMENT)**

**બિહારના મખાનાને મળેલા ભૌગોલિક ઓળખ- G.I. ટેગનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું, આનાથી મખાના ખેડૂતોને ઘણો લાભ થયો છે.**

પ્રધાનમંત્રી આજે બપોરે ઉત્તરપ્રદેશના કાનપુરમાં 47 હજાર 600 કરોડ રૂપિયાની વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ પરિયોજનાઓનો ઉદ્દેશ ક્ષેત્રના પાયાના માળખા અને સંપર્કને વધારવાનો છે. શ્રી મોદી ચંદ્રશેખર આઝાદ ખેતી અને ટૅક્નોલજી વિશ્વ-વિદ્યાલયના મેદાનમાં એક જનસભા પણ સંબોધશે.

. . . . . . . . . . . . . . . .

# PREZ FLORENCE AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે એક સમારોહમાં 15 નર્સિંગ વ્યવસાયિકોને રાષ્ટ્રીય ફ્લૉરેન્સ નાઈટિન્ગલ પુરસ્કાર 2025 એનાયત કર્યા. આ પુરસ્કાર નર્સિંગ ક્ષેત્રે તેમન ઉત્કૃષ્ટ યોગદાન બદલ અપાય છે. આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડા, રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલ અને પ્રતાપરાવ જાધવ ઉપસ્થિત રહ્યા હતા.

વર્ષ 1973માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે નર્સીઝ અને નર્સિંગ વ્યવસાયિકોની પ્રશંસનીય સેવાના સન્માનમાં આ પુરસ્કાર આપવાની જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . . . . .

# PREZ GOA STATEHOOD DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગોઆના લોકોને તેમના રાજ્ય દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં સુશ્રી મુર્મૂએ ગોઆના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, સુંદર દરિયાકાંઠા, ઉષ્માભર્યા આતિથ્ય અને અન્ય આકર્ષક પહેલોનો ઉલ્લેખ કર્યો. સુશ્રી મુર્મૂએ પ્રવાસીઓ અને

રહેવાસીઓ બંનેને ટકાઉ પ્રવાસન પ્રથાઓ અપનાવીને અને સ્થાનિક સમુદાયોને ટેકો આપીને ગોવાની સંસ્કૃતિ અને વારસાને જાળવવા સાથે મળીને કામ કરવા અપીલ કરી. ગોઆ સમૃદ્ધ થતું રહેશે અને વિકસિત ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ પણ રાષ્ટ્રપતિએ વ્યક્ત કર્યો.

. . . . . . . . . . . . . . . .

## JK AMIT SHAH

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે જમ્મુ-કાશ્મીરના પૂંચમાં પાકિસ્તાની ગોળીબારીથી અસરગ્રસ્ત પીડિતો સાથે મુલાકાત કરી. દરમિયાન શ્રી શાહે પાકિસ્તાનની કડક શબ્દોમાં ટીકા કરતાં કહ્યું, દરેક આતંકવાદી હુમલાનો જડબાતોડ જવાબ અપાશે. ભારતીય સેનાએ સાત મે એ આતંકી ઠેકાણાંઓને નેસ્તનાબૂદ કર્યાં. આ હુમલાનાં અનેક આતંકવાદીઓ ઠાર મરાયાં. પાકિસ્તાનનાં એક પણ વ્યક્તિને નુકસાન પહોંચાડ્યાં વગર ભારતીય સેનાએ આ કાર્યવાહી કરી.**

. . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# RAJNATH MINIRATN

સંરક્ષણ મંત્રાલયે મુનિશન ઇન્ડિયા લિમિટેડ-MIL, આર્મર્ડ વ્હીકલ્સ નિગમ લિમિટેડ-AVNL અને ઇન્ડિયા ઓપ્ટેલ લિમિટેડ-IOL ને મિનિરત્ન શ્રેણી-1ના દરજ્જાને મંજૂરી આપી છે. શ્રી સિંહે આ માટે ત્રણેય સંરક્ષણ જાહેર ક્ષેત્રના સાહસોને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં, આ સરકારી સંસ્થાઓ નફાકારક કોર્પોરેટ સંસ્થાઓમાં ફેરવાઈ છે. તેમણે MIL, AVNL અને IOL ના મેનેજમેન્ટ દ્વારા કંપનીના વ્યવસાયને વધારવા, સ્વદેશીકરણને મહત્વ આપવા અને મિનિરત્નનો દરજ્જો આપવા માટે જરૂરી અન્ય માપદંડોને પૂર્ણ કરવાની પહેલ પર પણ સંતોષ વ્યક્ત કર્યો.

. . . . . . . . . . . . . . . .

# PUNJAB FACTORY BLAST

પંજાબમાં ગત મોડી રાત્રે ફટાકડાના કારખાનામાં વિસ્ફોટ થતાં પાંચ લોકોના મોત અને 34 લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. શ્રી મુક્તસર સાહિબ જિલ્લાના લુમ્બી વિસ્તારમાં આ ઘટના સર્જાઈ હતી. વરિષ્ઠ પોલીસ નાયબ અધિક્ષક જસપાલ સિંઘે આકાશવાણી સમાચારને જણાવ્યું કે, ઈજાગ્રસ્તોને હવે કોઈ જોખમ નથી અને હૉસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . .

## SPL FEATURE PARAMVIR CHAKRA

**"ઑપરેશન સિંદૂર"ની સફળતાથી ઉત્સુક સંપૂર્ણ દેશ ભારતીય જવાનોના શૌર્ય અને બહાદુરીને નમન કરી રહ્યું છે. આકાશવાણી સમાચાર સશસ્ત્ર દળો પ્રત્યે સન્માન અને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા એક વિશેષ શ્રેણી પ્રસારિત કરી રહ્યું છે. તેના જ ભાગરૂપે આજે આપણે પરમવીર ચક્રથી સન્માનિત કૅપ્ટન ગુરુબચન સિંહ સલારિયાને યાદ કરી રહ્યા છીએ. તેઓ વર્ષ 1961માં કૉન્ગોમાં ગૃહયુદ્ધ જેવી સ્થિતિને ધ્યાને રાખી સંયુક્ત રાષ્ટ્રની શાંતિ સેનામાં ભારતીય દળના સભ્ય તરીકે જોડાયેલા હતા. તે દરમિયાન તેમણે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. સાંભળીએ એક અહેવાલ.**

(V/C - SAKLEN AKHTAR)

. . . . . . . . . . . . . . . .

## IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ-IPL T-20 ક્રિકેટમાં, આજે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે. આ બંને ટીમ આજે સાંજે ચંદીગઢમાં એલિમિનેટર મેચમાં સામસામે હશે.

વિજેતા ટીમ પહેલી જૂને બીજા ક્વાલિફાયરમાં પહોંચશે, જ્યાં તેનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે. ક્વોલિફાયર બેની વિજેતા ટીમ ત્રીજી જૂને ફાઇનલમાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે મેચ રમશે.

. . . . . . . . . . . . . . . .

## UN STAFF REDUCTION

**સંયુક્ત રાષ્ટ્ર અંદાજે છ હજાર 900 કર્મચારીઓની છટણી અને પોતાના ત્રણ અબજ 70 કરોડ ડૉલરના બજેટમાં 20 ટકાનો ઘટાડો કરવા જઈ રહ્યું છે. આ પગલાને સંયુક્ત રાષ્ટ્રના ઇતિહાસમાં સૌથી મહત્વની ઘટના તરીકે જોવાઈ રહ્યું છે. વધતા નાણાકીય જોખમ બાદ આ કાપ**

**મૂકાયો છે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે આ મહિનાના પ્રારંભે સંગઠનમાં નાણાકીય જોખમને સ્વીકાર્યું હતું.**

**સંયુક્ત રાષ્ટ્ર નિયંત્રક ચંદ્રમૌલી રામનાથને કહ્યું, આ કાપ "UN-80"નો ભાગ છે, જે આધુનિક વૈશ્વિક પડકારો સમક્ષ સંયુક્ત રાષ્ટ્રને તૈયાર કરવાના દિશેમાં એક વ્યાપક પરિવર્તન છે.**

. . . . . . . . . . . . . . . .

# ISRAEL GAZA CEASEFIRE

અમેરિકાએ કહ્યું છે કે ઇઝરાયલ ગાઝામાં 60 દિવસના યુદ્ધવિરામ પ્રસ્તાવ પર સંમત થયું છે, જ્યારે સંઘર્ષગ્રસ્ત પ્રદેશમાં તેમની લશ્કરી કાર્યવાહી ચાલુ છે.

વ્હાઇટ હાઉસના પ્રેસ સચિવ કેરોલિન લેવિટે પત્રકારોને પુષ્ટિ આપી છે કે મધ્ય પૂર્વ માટે અમેરિકાના ખાસ રાજદૂત સ્ટીવ વિટકોફે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મળીને હમાસને યુદ્ધવિરામ પ્રસ્તાવ આપ્યો છે. કેરોલિન લેવિટે કહ્યું છે કે ઇઝરાયલે આ પ્રસ્તાવને સમર્થન આપ્યું છે. મળતી માહિતી મુજબ, આ પ્રસ્તાવમાં યુદ્ધવિરામ તેમજ 10 જીવંત બંધકોને મુક્ત કરવા અને 18 મૃત બંધકોના મૃતદેહ પરત કરવાનો સમાવેશ થાય છે.

ઇઝરાયલી સરકારે આ બાબતે સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી. બીજી તરફ, હમાસે અમેરિકાના નેતૃત્વ હેઠળના તાજેતરના પ્રસ્તાવને ફગાવી દીધો છે, અને કહ્યું છે કે તે યુદ્ધનો અંત લાવવા

સહિતની મૂળભૂત માંગણીઓને પૂર્ણ કરતું નથી. હમાસે કહ્યું છે કે તે યોગ્ય સમયે તેનો જવાબ આપશે.

. . . . . . . . . . . . . . . .